

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જશ લૂંટ્યા પછી હવે 'ભગીરથો' મોં સંતાડે છે,*
*નર્મદા લાવનારાઓને હવે ચિંતા સતાવે છે.*
*રિસાઈ ગયાં મા નર્મદા બણગા ફૂંકનારાથી -*
*લંગરીયા પાણીચોરો જ હવે આંખ બતાવે છે...*
*(લ્યો ઉદ્દ્ઘાટન પછી ડેમ ખાલી)*

હાઈકુ

*સૂકાઈ ગયાં,*
*પાપી હાથમો પડી -*
*પવિત્ર રેવા...*
*(લ્યો! નાહી નાંખો!)*

*થઈ ગૈ બ્લોક!*
*કરાવો બાયપાસ -*
*'જીવાદોરી'ની*
*(ગુજરાતનું હૃદય)*

### ચિંતન

*ગુણૈઃ સંવેષ્ટિતો દેહઃ તિષ્ઠતિ આયાતિ યાતિ ચ ।*
*આત્મા ન ગન્તા ન આગન્તા કિમ્ એનમ્ અનુશોચસિ ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

ગુણોથી ઢંકાયેલો દેહ આવે છે, રહે છે, ને જાય છે. આત્મા નથી જતો કે નથી આવતો, તો પછી શા માટે તું એનો શોક કરે છે ?

દેહ તો ગુણોથી ઢંકાયેલો છે. દરેક દેહધારીમાં, માણસમાં, સત્ત્વ, રજસ અને તમસ. આ ત્રણે ગુણો વત્તાઓછા પ્રમાણમાં રહેલા છે. એટલું જ નહિં સ્થળ, સમય, સંજોગો સ્થિતિ અનુસાર એમાં પ્રમાણ ઓછુંવત્તુ થતું રહે છે. કાયમ એકનું એક રહેતું નથી. આ સિવાય, દરેકને પોતાનો ગુણધર્મ પણ હોય છે જેને સ્વધર્મ પણ કહી શકાય.

આથી જ કહ્યું છે કે ગુણો-યુક્ત એવો દેહ જ માત્ર આવે છે ને જાય છે. એમાં રહેલો આત્મા ક્યાંક જતો પણ નથી કે આવતો પણ નથી. તો પછી એ માટે શોક શા માટે કરવો ?

### સુવિચાર

- આપણા પ્રેમનો પરિચય એ કે, આપણે બીજા માટે શું સહી શકીએ - **જ્ઞાનસૂત્ર**
- પ્રાયશ્ચિતનાં ત્રણ પગથિયાં છે : આત્મગ્લાનિ, ફરીથી પાપ ન કરવાનો નિશ્ચય અને આત્મશુદ્ધિ - **ભૂપત વડોદરિયા**
- મનને આનંદિત રાખો, હૃદયને હંમેશા શાંતિમય રાખો, કોઈ પણની વસ્તુ તમારી સમતાને ખંડિત ન કરે તે જોશો - **ઓશો**
- પોતાનું કર્તવ્ય જેને લાધી ગયું છે એ ભાગ્યશાળી છે, બીજું કોઈ સદ્ભાગ્ય એણે માંગવાની જરૂર નથી - **અખંડ આનંદ**
- કોઈ હું માટે આપણી જાતને ફતન દેવાળિયા બનીને ખરચી નાખવી - તેમાં જ સાચું સુખ મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નદીને અનુસરો તો આપોઆપ દરિયો મળશે - **તમિલ કહેવત**
- આજનું ઔષધ : અરડુસીના અળલેહને વાસાવહેલ કહે છે, તે ખાંસી, દમ અને સસણીમાં સારું પરિણામ આપે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ઉર્દૂ ભાષાના વિખ્યાત સાહિત્યકાર સઆદત મંટો ભારતમાં આકાશવાણીમાં નોકરી કરતા હતા પણ તેઓ કોઈક કારણસર પાકિસ્તાન ચાલ્યા ગયા હતા. એમના કાકા, મામા, માસી વગેરે તો હજી દિલ્હીમાં જ રહેતા હતા.

એમના સાહિત્યમાં દલિતો, પીડિતો, ઘોડાગાડી વાળાઓની હાલત, વગેરે લક્ષમાં રાખીને ઘણી ટૂંકી વાર્તાઓ હતી. દિલ્હીના લોકોના હૃદયમાં મન્ટો માટે ખૂબ માન હતું. મન્ટોનું પાકિસ્તાનમાં અવસાન થયું ત્યારે એમના ભારતીય મિત્રોમાં શ્રીમતી ઈસ્મત ચુગતાઈ, અશ્ક, કૃષ્ણચંદ્ર વગેરે સાહિત્યકારો એમના પરિવારને દિલાસો આપવા દિલ્હી રેલવે સ્ટેશન પર ઉતર્યા. સ્ટેશન બહાર ઉભેલા ઘોડાગાડી વાળાને કહ્યું, 'આજે અમે મન્ટો સાહેબની યાદમાં શોક પાળેલ છે. તેથી ગાડી ચલાવવાના નથી.' 'ત્યારે ઈસ્મતે પૂછ્યું, 'તો શું આજે દિલ્હીના બધા બજારો બંધ છે ?' ઘોડાવાળાનો જવાબ 'ના, જી, ગરીબ વેપારીઓની દુકાન ચોક્કસ બંધ છે, પણ શ્રીમંતોના શોરૂમ અને હોટલો ખુલ્લી છે, ગરીબો મજૂરો પણ આજે કામ પર નથી ગયા. કારણ કે અમારા જેવા સૌ મંટો સાહેબને ખૂબ ચાહતા હતા.'

ત્યારે ઈસ્મત બોલી ઊઠ્યા, 'કોણ કહે છે મંટો મરી ગયા ?' મંટો દલિતો, પીડિતો, મજૂરોના હૃદયમાં હજી જીવંત છે.'

# ચીનને વ્યૂહાત્મક ચીમકી

તંત્રીસ્થાનેથી...

૬૯મા પ્રજાસત્તાક દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક જુદી જાતનો વિક્રમ સ્થાપી દુનિયાને આશ્ચર્યમાં મૂકી દીધા. અત્યાર સુધી એવી પરંપરાને જડ રીતે વળગી રહેવાનું વલણ રહ્યું હતું કે પ્રજાસત્તાક દિનની રાજપથ ખાતે યોજાતી ભવ્ય પરેડનું નિરીક્ષક કરવા માટે આપણા રાષ્ટ્રપતિ ઉપરાંત વિશ્વના કોઈ બીજા એક નેતાને અતિતિ વિશેષ તરીકે નોતરી વાત સમેટી લેવી. મોદીએ આસિયાન દેશોના બધા જ વડાઓને આ પ્રસંગે હાજર રાખી એ પરંપરા તોડી છે જે આવકારદાયક બાબત ગણાશે. આસિયાન દેશોના સંગઠનમાં થાઈલેન્ડ, મ્યાંમાર, ફિલિપાઈન્સ, બ્રૂનેઈ, મલેશિયા, સિંગાપોર, કંબોડિયા અને લાઓસ જેવા સાઉથ ઈસ્ટ એશિયન રાષ્ટ્રોના વડાઓને સપરમા રાષ્ટ્રીય પર્વે નિમંત્રણ આપી ભારતનો દબદબો દેખાડવાનો પ્રયાસ કરી મોદી એક વાર 'વિશ્વ નેતા' તરીકેની એમની ઈમેજ પ્રદર્શિત કરી શક્યા છે. દ્વિપક્ષીય વેપાર, આતંકવાદ સામે સંયુક્ત પ્રતિકાર, દરિયાઈ સુરક્ષા, સંદેશાવ્યવહાર, સ્પેસ ટેકનોલોજી સહિતના આ તમામ દેશોને સ્પર્શતા મુદ્દાઓની ચર્ચા ઉપરાંત દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની દાદાગીરી સામે ઝીંક ઝીલવા માટે આ દેશોને તમામ પ્રકારની સહાય સંદર્ભે ભારતે તૈયારી દર્શાવી છે. ચીનને આ રીતે ચૂંટલી ખણીને મોદીએ ભાહત હવે એની નઘરોળ નાગડદાઈ કોઈ પણ સંજોગોમાં સાંખી લેશે નહીં એવો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. ભારત અમેરિકા, ફ્રાન્સ કે ઈઝરાયેલ અને રશિયા પાસેથી શસ્ત્ર સરંજામ ખરીદી શકે છે એમ આ નાના દેશોને પોતાની મિસાઈલો કે સ્પેસ ટેકનોલોજી વેચી પણ શકે છે. તદુપરાંત શક્તિશાળી અને સંપન્ન રાષ્ટ્ર તરીકે એમને લશ્કરી તાલીમ પણ આપી શકે છે. થાઈલેન્ડથી મ્યામાર થઈ જમીન માર્ગે ભારતનો જોડતા હાઈવેની દરખાસ્ત પણ વેપાર અને સુરક્ષા જેવા મુદ્દે ખૂબ મદદરુપ થઈ શકે એમ છે. મોદીએ આસિયાન દેશો સાથે છેલ્લાં ૨૫ વર્ષો દરમિયાન ૨૫ ગણો વેપાર વધ્યો હોવાની વાત કરવા ઉપરાંત ઈસ્લામ, બૌદ્ધધર્મ અને રામાયણના સમન્વયકારી સાંસ્કૃતિક જોડાણનો પણ ઉલ્લેખ કર્યો છે. આ ત્રણે વાનાં ભારતમાં ફૂલ્યાં ફાલ્યાં અને નજીકના દેશોમાં એમની સુવાસ ફેલાઈ. થાઈલેન્ડને એનું પોતીકું રામાયણ છે. થાઈલેન્ડના રાજાને 'રામ'નો ખિતાબ જનમજાત મળે છે. હાલમાં ત્યાં 'નવમા રામ'નું શાસન ચાલે છે. અલબત્ત, રાજાશાહી બંધારણીય વડપણ જ રહી ગઈ છે. મ્યાંમાર અને થાઈલેન્ડ જ નહીં, ઈન્ડોનેશિયા સુધ્ધાં 'વિશાળ ભારત'નો જ વિસ્તાર હતો. આજે પણ આ દેશોએ ભારતીય સંસ્કૃતિને અકબંધ જાળવી રાખી છે. ભારતમાંથી જ અલગ થયેલ પાકિસ્તાનને ભારતીય સંસ્કૃતિનું અભિમાન નથી; એણે કટ્ટરપંથી અભિગમ અપનાવી તક્ષશિલા જેવી વિશ્વની પ્રારંભિક યુનિવર્સિટીને નેસ્તનાબૂદ કરી દીધી છે - એની સામે ઈન્ડોનેશિયા ભારતીય સ્થાપત્ય કળા, જાવા સુમાત્રામાં હિંદુ મંદિરો માટે ગર્વ અનુભવે છે. એ જ રીતે મલેશિયા પણ પોતાના ભારતીય સંસ્કારો અકબંધ જાળવી રહ્યું છે. બૌદ્ધ ધર્મનો ઉદય ભારતમાં થયો પરંતુ સમુદ્ર માર્ગે લંકાથી લઈ આસિયાન દેશો સુધી એ વિસ્તર્યો છે. ઈન્ડોનેશિયા તો ઈસ્લામિક રાષ્ટ્ર હોવા છતાં ત્યાં નામની પણ કટ્ટરતા નથી. સિંગાપોર એક નગર રાષ્ટ્ર છે અને વિશ્વ વ્યાપાર ક્ષેત્રે એની આગવી પ્રતિષ્ઠા છે. ચીન અને વિયતનમામ વચ્ચેનો તનાવ જાણીતો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૬મી જાન્યુઆરીએ જ આસિયાન દેશોના વડાઓને એક મંચ પર ભેગા કરી વ્યૂહાત્મક રીતે ચીનને ભારતની તાકાતનો પરચો બતાવી દીધો છે.

# ગાંધી ગયા : ગાંધી વિચાર સદાકાળ જીવંત



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

લુઈ ફિશર નામના સુપ્રસિધ્ધ પત્રકારે લખેલા શબ્દો ફરી ફરી વાંચવા – સાંભળવા ગમે તેવા છે. ફિશર લખે છે :

''ચર્ચિલ, રૂઝવેલ્ટ, સ્ટાલિન, હિટલર, લિંકન વગેરે ઈતિહાસના નામાંકિત વ્યક્તિઓના હાથમાં રાજ્યોની સત્તા હતી. રાજસત્તા વિના લોકમાનસને સ્પર્શ કરી શકી હોય એવી ગાંધીજીની કોટિમાં મૂકી શકાય એવી બીજી વ્યક્તિઓમાં કાર્લ માર્ક્સને મૂકી શકાય..... પહેલાના જમાનામાં એમના (ગાંધીજી) જેવા પુરુષો પયગંબરો કહેવાતા. ધર્માત્મા કહેવાતા. ગાંધીજીએ બતાવી આપ્યું કે ઈસુ, બુધ્ધ, પયગંબરો કે ગ્રીક ફિલસૂફોના આધ્યાત્મવાદી સિધ્ધાંતો આજના યુગમાં અને આજની રાજનીતિમાં પણ વ્યવહારમાં લાવી શકાય છે... ગાંધી વ્યવહારના ધર્મનો ઉપદેશ કરતા હતા...''

અમેરિકન પત્રકાર લુઈ ફિશરનું ગાંધી પરનું પુસ્તક – **The Life of Mahatma Gandhi** – વાંચવું ગમે તેવું રસપ્રદ છે. ફિશરની લખાવટ તલસ્પર્શી છે. આ પુસ્તક ગાંધી દર્શનની સ્પષ્ટ ઝાંખી કરાવી શકે તેવું છે. ભાઈ રમેશભાઈ સંઘવી (અક્ષરભારતી પ્રકાશન, ભુજ) એ આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ પ્રકાશીત કરીને આપણા પર ઋણ ચઢાવ્યું છે.

દુનિયા ફરી એક વખત ત્રિભેટે આવીને ઊભી છે. પરસ્પર સ્નેહ તથા ઉષ્માના સામાજીક તાણાંવાણાં નબળા પડતા જાય છે. સુખમાં તેમજ સાધન – સવલતોમાં વુધ્ધિ થઈ છે એ સ્પષ્ટ છે. પરંતુ આ સાધન સુવિધાઓ છતાં સંતોષ કે તૃપ્તિની લાગણી દૂરની દૂરજ રહે તેવી સતત મથામણ અનેક લોકો અનુભવે છે. આર્થિક રીતે સમૃધ્ધિની ટોચ પર બેઠેલા મુઠ્ઠીભર લોકો અને સામે છેડે બે ટંકનું સરખું ભોજન મેળવવા ઝંખના કરતા અનેક લોકો વચ્ચેનું અંતર વધતું જાય છે. વિશ્વના અનેક દેશો શાંતિ પ્રસ્થાપિત કરવાના સ્થાને શસ્ત્રો વેચવાના કાર્યમાં વધારે પ્રવૃત્ત થયા છે. પર્યાવરણ સંબંધી પ્રશ્નો ગંભીર થયા છે. તેની અસર વિશ્વના લગભગ તમામ ભૂભાગ પર થયેલી જોઈ શકાય છે. આ સમસ્યાઓના ઉકેલ માટે આપણી ચેતના પ્રગટાવવા માટે ઘણાં ઉપાય હોઈ શકે છે. પરંતુ તેમાંનો એક વિશ્વસનીય ઉપાય એ ગાંધી તરફ એટલે કે ગાંધીના વિચાર તરફ વળવાનો અને તેને ખરા અર્થમાં અનુસરવાનો છે. લુઈ ફિશરે લખ્યું છે :

''જુદા જુદા દેશોની મારી યાત્રા દરમિયાન મને પાકી ખાતરી થઈ ગઈ છે કે દુનિયાના દેશોએ પોતાના માર્ગદર્શન માટે ગાંધી તરફ વળવું પડશે.'' આપણાં કવિ મેઘાણીભાઈએ પણ આવીજ લાગણીને પોતાના પ્રાણવાન શબ્દોમાં મૂકી છે :

કંપશે સાત પાતાળ
આભે જાતા ઝીંકશે સાયર લોઢ
ખંડે ખંડ બોળશે લાવા
ભૂકંપોના ગાજશે પાવા...
વાવાઝોડા કાળના વાશે
તે દી તારી વાટ જોવાશે...

ગોળમેજી પરિષદમાંથી કહેવાતી નિષ્ફળતા સાથે ગાંધીજી પરત આવતા હતા ત્યારે લખાયેલું મેઘાણીભાઈનું આ કાવ્ય આજના સંદર્ભમાં પણ પ્રાસંગિક છે. સમસ્યાઓની ગંભીરતાના સંદર્ભમાં ગાંધી દર્શન તરફ જવા માટેનો આજનો સમય છે. દુનિયામાં અનેક પ્રકારની વિષમતાઓ છે. સબળા સામાજિક નેતૃત્વની ખોટ પડતી દેખાય છે. સાંપ્રદાયિક વડાઓએ અનેક પ્રસંગોમાં પોતાની વિશ્વસનીયતા ગુમાવી છે. સામાજિક ક્ષેત્રોમાં ચડસા-ચડસી તથા હૂંસાતુંસીના દ્રષ્યો જોવા મળે છે. ફિશર અને મેઘાણી કહે છે તેમ આ સમયના કાળા ડીબાંગ વાદળો વચ્ચે ગાંધી વિચારની લકીરનું દર્શન જગત સભાનતાપૂર્વક કરે તો આ સ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ જરૂર મળી શકે છે. ગાંધી નિર્વાણના આ માસમાં ગાંધી વિચારનું દર્શન અને ઠોસ અનુકરણ એ સમયની માંગ છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# ગાંધીનગર : સી.એમ.પટેલ ફિઝીયોથેરાપી કૉલેજ : શિક્ષણ, સંશોધન અને સેવાકાર્ય



મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગાંધીનગર આજે ૫૩ વર્ષનું થનગનતું ગુજરાતનું સૌથી યુવાન શહેર છે. આ સરકારી શહેર હવે ધીમે ધીમે પોતાની આગવી ઓળખ અને સંસ્કૃતિ બનાવી રહ્યું છે. ગાંધીનગરને પોતાનું વતન કહી શકે એવી એક નવી પેઢી હવે તૈયાર થઈ ગઈ છે. એક સમય હતો કે સરકાર બે ચાર રૂપિયે ફૂટ જમીન આપીને લોકોને અહીં વસવાટ કરવા નિમંત્રિત કરતી હતી. ત્યારે જે જે લોકોએ જમીન નથી લીધી તેઓ આજે મનભરીને પસ્તાય છે. કેમ કે આજે ગાંધીનગરમાં વસવું અને એ પણ પોતાના મકાનમાં એ ગૌરવની વાત ગણાય છે. કારણ કે આ શહેર આજે આધુનિક અને વૈશ્વિક કક્ષાના શિક્ષણના ધામ તરીકે ખુબ જ ખ્યાત થયું છે. અહીં કે.જી.થી લઈને વિવિધ ફેકલ્ટીમાં પીએચ.ડી સુધીનું શિક્ષણ ઉપલબ્ધ છે. આર્ટસથી લઈને મેડિકલ સુધીના તમામ વિભાગોની કોલેજો અહીં મળી રહે છે. આ બધામાં ગાંધીનગરના ગૌરવ સમી '' કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિશાળ શૈક્ષણિક યજ્ઞમાં અનેક યુવા વિદ્યાર્થીઓ પોતાનું ભાવિ બનાવીને પરિવાર, રાજ્ય અને દેશનું ગૌરવ વધારી રહ્યા છે.

ગાંધીનગરમાં આજે ઘણી એવી સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે કે જેની આપણને ખબર જ નથી. આવી જ એક સેવાકીય પ્રવૃત્તિ હમણા મારી નજરમાં આવી જે મેડિકલ અભ્યાસના સંદર્ભે ચાલી રહી છે. આપણા આ શહેરમાં '' શ્રી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઓફ ફિઝીયોથેરાપી '' છેલ્લા ત્રણેક વર્ષથી ચાલી રહી છે. શક્ય છે કે આ કૉલેજથી મોટાભાગના લોકો અજાણ હશે. પરંતુ આ ફિઝીયોથેરાપી કૉલેજમાં તેના જુદા જુદા છ જેટલા વિભાગો દ્વારા અહીં તમામ લોકોને સાવ વિનામૂલ્યે સારવાર આપવામાં આવી રહી છે.

આ કોલેજનો આરંભ વર્ષ – ૨૦૧૫માં થયો. સરકાર પાસેથી જમીન લઈને વિશાળ આધુનિક બિલ્ડીંગ બનાવીને તેમાં આ કોલેજ કાર્યરત છે. અહીં એક જનરલ ઓપીડી છે. જેમાં સૌ પ્રથમવાર આવનાર દર્દીનું નિદાન કરીને એને જે તે વિભાગમાં વિશેષ સારવાર માટે મોકલવામાં આવે છે. અહીં ઓર્થોપેડીક (હાડકાં) કાર્ડિયોલોજી (હૃદય) ન્યૂરોલોજી (મગજ) પિડીયાટ્રીક (બાળકોહ) જીરીયાટ્રીક (વૃદ્ધો) વગેરે વિભાગોમાં અધ્યતન સાધનો અને ટેકનોલોજીથી શિક્ષણ અને ફ્રી સારવાર આપવામાં આવે છે. ઓર્થોપેડિકમાં હાડકાંના સાંધાના દુખાવા પર, ખભા, કમર, ઢીંચણ કે હાડકાં સંબંધી ક્યાંય પણ દુઃખાવાની સારવાર અહીં મળે છે. તો વળી કાર્ડિયોલોજી વિભાગમાં હૃદયને લગતી, ફેફસાને લગતી બિમારીની સારવાર, હૃદયનું બાયપાસ કરાવ્યા પછીની લેવાતી સારાવાર અહીં ફ્રી આપવામાં આવે છે. ફેફસામાં પાણી ભરાઈ જવું કે પાન ગૂટકાના વ્યસનને કારણે ફેફસા ફૂલાઈ જવાથી થતા રોગની સારવાર કે ફેફસાની હાલની સ્થિતિ કેવી છે તે અત્યાધુનિક મશીનથી જાણીને એની યોગ્ય સારવાર અહીં સાવ મફતમાં આપવામાં આવે છે. તો વળી ન્યૂરોલોજી વિભાગમાં વ્યક્તિના મગજના જ્ઞાનતંતુની શિથિલતા કે અનિયમિતતાને કારણે યાદશક્તિની કે વર્તન વ્યવહાર પર પડતી આડઅસર, મગજ પર થતી લકવાની અસર, ડાયાબિટિસને કારણે નશોનું બંધ પડી જવું – આ બધાની સારવાર અહીં ફ્રીમાં આપવામાં આવે છે. જ્યારે મંદબુદ્ધિના માનસિક ખોડખાંપણવાળા બાળકોને, જેમનો માનસિક વિકાસ ઓછો થયો છે અથવા થયો જ નથી એવાં બાળકોને પણ અહીં તમામ પ્રકારની ઉત્તમ સારવાર વિનામૂલ્યે અપાય છે.

આ કૉલેજમાં ૭૦ થી વધુ મેડિકલ સ્ટુડન્ટ અહીં વિવિધ થેરાપીઓનો અભ્યાસ કરે છે. નિયમિત વર્ગો લેવાય છે. લેકચર્સ લેવાય છે. અને બાજુમાં સરકારી મેડિકલ કૉલેજના એમ.બી.બી.એસ.ના સ્ટુડેન્ટસ અહીં લેબોરેટરીઝમાં જે પ્રેક્ટીકલ્સ કરે છે તેમની સાથે જોડાઈને આ વિદ્યાર્થીઓ પણ માનવ શરીરની રચનાનું જ્ઞાન મેળવે છે. અહીં વિશાળ વિવિધ પ્રકારની લેબોરેટરીઓ છે. જેમાં એનોટોમિ લેબ, ફિઝીયોલોજી લેબ, ઈલેક્ટ્રોથેરાપી લેબ અને એક્સસાઈઝ લેબ આ ચારેય લેબ ખુબ જ વિશાળ ખંડોમાં હોવાથી અહીં સારવાર લેનારને પૂરતી સ્પેસ મળી રહે છે. તો વળી બાજુમાં રહેલ સિવિલ હોસ્પિટલ સાથે એટેચમેન્ટ કરીને અહીના વિદ્યાર્થીઓને ત્યાં ટ્રેનિંગ માટે પણ મોકલાય છે. તો વળી બીએસએફના હેડક્વાટર્સમાં એક ઓપીડી ખોલીને રોજના ૨૦ જેટલા દર્દીઓને ત્યાં પણ મફતમાં સારવાર અપાય છે.

અહીં બાળકોની જેમ વૃદ્ધો માટે પણ અલગ વિભાગ રાખવામાં આવ્યો છે. જે વૃદ્ધોને ઉંમરને કારણે પગમાં ''વા'' આવ્યો હોય કે સંધિવા થયો હોય કે લકવાની અસર હોય તેવા દર્દીઓને ઘેર જઈને પણ અહીંના અધ્યાપક ડૉકટર્સ દર્દીઓના ઘરના સભ્યોને દર્દની, સારવારની સમજણ આપે છે. અને વૃદ્ધની સારવાર કરવા માટે જાગૃત કરે છે આ રીતે વૃદ્ધોને ઘેર બેઠા વિનામૂલ્યે સારવાર મળી રહે છે.

આ ઈન્સ્ટીટ્યુટસની બીજી ખાસિયત એ છે કે ભારતમાં સૌ પ્રથમવાર સ્પેશિયલ 'મોબાઈલ ફિઝીયોથેરાપી વાન' બનાવીને ગાંધીનગરની આસપાસના ૭૦ કિલોમીટર સુધીના વિસ્તારોમાં વસતા દર્દીઓને નિયમિત રીતે સવારે નવથી સાંજે ચાર વાગ્યા સુધી વિનામૂલ્યે સારવાર અપાય છે. તો વળી ગાંધીનગરના સેકટરોમાં, વૃદ્ધાશ્રમોમાં પણ આ વાન સારવાર અર્થે જાય છે. અત્યાર સુધી આ વાન દ્વારા હજારો દર્દીઓને સારવાર પહોંચાડવામાં આવી છે. આમ જોઈએ તો આ પ્રકારની મોબાઈલ વાન આરોગ્ય સેવા સરકારે દરેક ગામે ગામ યોજના બનાવીને મૂકવી જોઈએ. જેથી ગરીબ, અશક્ત અને વૃદ્ધ દર્દીઓ ઘેર બેઠા સારવાર મેળવી શકે.

આ કૉલેજમાં (હોસ્પિટલમાં) રોજના ૭૦ જેટલા દર્દી લેખે વર્ષના વીસેક હજાર જેટલા અને ત્રણ વર્ષના ૬૦ હજાર જેટલા દર્દીઓએ અહીંની ફ્રી સારવારનો લાભ લીધો છે. આ કૉલેજમાં પ્રાઈવેટ કરતા વધુ સારા સાધનો સંશોધનો માટે ઉપલબ્ધ છે. વળી દર્દીઓને જ્યા સુધી રાહત ના મળે ત્યા સુધી અહીં સારવાર આપવામાં આવે છે. દર્દી પોતાના દર્દમાંથી પૂરેપૂરી મૂક્તિ મેળવીને જ અહીંથી હસતા મૂખે ઘેર જાય છે. જુદા જુદા ગામોમાં દર મહિને બે વખત '' વિનામૂલ્યે રોગ નિદાન કેમ્પ '' પણ યોજાય છે. જેનો અનેક દર્દીઓ લાભ લે છે.

આ કૉલેજમાં (હોસ્પિટલમાં) તમામ પ્રકારના અદ્યતન સાધનો વસાવવામાં આવ્યા છે. જે કદાચ ગુજરાતની અન્ય કોઈ કૉલેજોમાં નહીં હોય. ગુજરાતભરમાં આવી ૮૨ જેટલી ફિઝીયોથેરાપીની કૉલેજો છે પરંતુ અહીંની જેમ અન્ય કૉલેજોમાં તમામ વિભાગોમાં સાવ મફતમાં સારવાર અપાતી નથી.

આ કૉલેજ ( હોસ્પિટલ) માં પ્રિન્સીપાલશ્રી ડૉ. વૈદિયનાથનના માર્ગદર્શનમાં વાઈસ પ્રિંસીપાલ ડૉ. ટીના ચૌહાણ, ડૉ. રચિતા હાડા, ડૉ. રૂચિર પટેલ, ડૉ. પાર્થ ત્રિવેદી, ડૉ. આશ્કા પટેલ, ડૉ. વિનીતા ચૌહાણ વગેરે અધ્યાપકો અહીં પૂરી નિષ્ઠાપૂર્વક કામ કરીને અહીં અભ્યાસ કરતા ભાવિ યુવા ડૉકટર્સની એક આખી નવી પેઢીને શિક્ષિત કરી રહ્યા છે. અને જરૂર પડ્યે દર્દીઓને પણ સારવાર આપીને આ ઈન્સ્ટીટ્યુટસનું ગૌરવ વધારી રહ્યા છે. 'અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ભાવિ શું?' એવા એક પ્રશ્નના જવાબમાં અહીના અધ્યાપિકા. ડૉ. રચિતા હાડાએ જણાવ્યું કે આ વ્યવસાય માનવ સ્વાસ્થ્યની સાથે જોડાયેલો હોવાથી એમાં સેવાભાવ પણ ભળેલો છે. તેથી અન્ય વ્યવસાય કરતા આ વ્યવસાયમાં ઓછી હરિફાઈ છે. ધો. ૧૨ પછી સાડા ચાર વર્ષનો આ અભ્યાસક્રમ પૂર્ણ કરીને કોઈપણ વ્યક્તિ ડૉકટર બનીને આવી કોઈ ફિઝીયોથેરાપી કોલેજમાં અધ્યાપક તરીકે જોડાઈ શકે છે અથવા પોતાની પ્રાઈવેટ ક્લીનિક ખોલી શકે છે વળી આ પ્રકારના કોર્ષોની વિદેશોમાં પણ ખુબ જ માંગ હોવાથી વિદેશમાં પણ સેટલ થઈ શકાય છે.'

9426060601. india@gmail.com

# થોડી લખું છું વર્ષોથી તેથી તો ઓ 'જલન', ચોટીલી મારી સૌ ગઝલ દમદાર હોય છે...!!!




રઝળપાટ

અજય ઉપાધ્યાય

થોડા સમય પહેલા ગાંધીનગર ટાઉનહોલમાં એક મુશાયરો યોજાયેલો, લગભગ ૮ જેટલા ખ્યાતનામ શાયરો સામેલ હતા, શ્રોતાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. એક પછી એક શાયરો રજુ થઈ રહ્યા હતા અને ગઝલ રસિયાઓ આસ્વાદ માણી રહ્યા હતા પણ મોટાભાગના ગઝલ રસિયાઓ એક શાયરને સાંભળવા વધુ ઉત્સુક હતા. એ શાયરને સૌથી છેલ્લે રજુ કરવામાં આવ્યા, કેમકે એમને લગભગ દરેક મુશાયરામાં છેલ્લે જ રજુ કરવામાં આવતા અને એનું કારણ હતું એમની વજનદાર શાયરી..!!! કારણ સીધું ને સાદું હતું કે જો એમને પહેલા રજુ કરી દેવામાં આવે તો એમના પછીના શાયરોની ગઝલો આ શાયરની ગઝલોની સરખામણીમાં ઓલમોસ્ટ ફિક્કી લાગે...!!! એ શાયર છેલ્લે રજુ થયા અને એમની અનેક નઝમો અને ગઝલોથી શ્રોતાઓને ખુશ ખુશ કરી દીધા એટલું જ નહિ પણ આજકાલની તુકબંધી જેવી ગઝલો વિષે પણ એમણે પોતાના મંતવ્યો એકદમ સ્પષ્ટ અને વિના સંકોચે બિલકુલ બેફિકરાઈથી આપતા પોતાની જ એક ગઝલનો શેર ટાંકેલો કે 'એના ઉપરથી લાગે છે થાશે ગઝલનું શું? સોમાંથી એંસી આજે ગઝલકાર હોય છે '...! એ શાયર બીજા કોઈ નહિ પણ જલન માતરી સાહેબ હતા....!





જી હા ગુજરાતી ગઝલોમાં જે અમુક નામો માનભેર લેવાય છે એમાંનું એક નામ છે જલન માતરી..!!! જલન સાહેબ ભણ્યા તો મેટ્રિક સુધી જ હતા પણ એમની ગઝલો એકદમ ઉચ્ચ કક્ષાની તેમજ સરળ અને સચોટ રહેતી. આમ તો તેમનું નામ અલવી જલાલુદ્દીન સઆઉદ્દીન હતું પરંતુ તેઓ જલન માતરીના તખલ્લુસ સાથે ગઝલો લખતા હતા. જલન માતરીએ પોતાના વતન માતરને પોતાના નામ સાથે જોડીને જલન માતરી એવા ઉપનામ સાથે ગઝલોની રચના કરી હતી. જલન સાહેબના જ પરિવારમાંથી ત્રણ શાયરો મળ્યા – ફખ્ર માતરી, વ્રજ માતરી અને જલન સાહેબ..! મોટાભાઈ વ્રજ માતરીને જલન સાહેબ ગઝલ ગુરુ કહેતા. બહુ ઓછાને ખબર હશે કે જલન સાહેબે ગઝલો ઉપરાંત જલારામબાપા ઉપર બહુ બધા ભજનો પણ લખેલા અને એ ભજનો સ્વરબધ્ધ પણ થયા છે.

'મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન', જીવનની ઠેસની તો, હજુ કળ વળી નથી.' જલન સાહેબે મૃત્યુ વિષે, મૃત્યુ ઉપર ઘણું લખ્યું છે. સ્વજનોના મોત વિષે જલન લખે છે ' એ જ કારણસર રડ્યો ના હું સ્વજનના મોત પર, ઓ 'જલન' જાણે કે મૃત્યુ મારું પોતાનું હતું. '...' મરણ અહીંથી તને લઈ જવાનું પળભરમાં, તું બેખબર આ જગતને વિશાલ સમજે છે.'.....' બુદબુદા રૂપે પ્રકટ થઈ ડુબનારાની વ્યથા, ઠેસ દિલને, બુદ્ધિને પેગામ એવો દઈ ગઈ, કેવા હલકા છે જુઓ, સાગરના પાણી, શું કહું ? જીવતો ડૂબી ગયો ને લાશ તરતી થઈ ગઈ' ... જલનને ખબર છે કે ઈશ્વર નહિ પણ સ્નેહીઓ જ લાશ ઉઠાવવા આવશે 'કરીને માફ સ્નેહીઓ ઉઠાવો એક બાબત પર, 'જલન'ની લાશ ઊંચકવા અહીં ઈશ્વર નહીં આવે '.... તો મોત એ અંતિમ સત્ય છે એવી અઘરી વાત પણ જલન સાહેબે જુઓ કેવા સરળ શબ્દોમાં સમજાવી છે કે 'હું જો અનુકરણ ન કરું તો કરું શું, અહીંયા મરી જવાનો પ્રથમથી જ રિવાજ છે' મોત અને મૃત્યુની આવી સરળ રજુઆતો કરતા જલન સાહેબે આપણી વચ્ચેથી લીધેલી વિદાય એ ગુજરાતી ગઝલ અને સાહિત્યમાં પડેલો બહુ મોટો ખાલીપો છે એ હકીકત છે. 'જીવનભોગે મેં મેળવેલી આ સિદ્ધિ કયામત સુધી સાચવી રાખવી છે; જમાનાને કહી દો, નહીં ભાગ આપું મરણ આગવું છે, કબર આગવી છે.'

મોટાભાગની ગુજરાતી ગઝલો પ્રેમ કે હૃદયભંગ પર રચાતી હતી એવા વખતે જે અમુક શાયરોએ એ ગુજરાતી ગઝલોની એ બીબાઢાળ સરણીને તોડી બતાવી એમના જલન માતરી એક હતા. એમના ગઝલસંગ્રહ 'જલન' (૧૯૮૪)માં પ્રેમની નહીં, પરંતુ આક્રોશ, વ્યંગ્ય, શંકા, ફરિયાદ અને ખુદ્દારીની ગઝલોની રજૂઆત કરવામાં જલન સાહેબ અવ્વલ રહેલા અને સફળ પણ. 'હશે સત્ય પણ, કલ્પના પણ હશે, ખુદા શબ્દ છે તો, ખુદા પણ હશે. નરક-સ્વર્ગ જેવી જગા પણ હશે, સજા પણ હશે ને મજા પણ હશે.' જલન સાહેબની ગઝલોમાં ઈશ્વર, ખુદા પરત્વે આક્રોશ કે ફરિયાદ વારંવાર જોવા મળી. 'આઠે પ્રહર ગરીબો ઉપર બેશુમાર કેમ ? પડતી રહે છે આફતો પરવરદિગાર કેમ ? ઈમાન વેચનાર છે, આરામથી ખુદા,ખાતો રહે છે, ઠોકરો ઈમાનદાર કેમ ?' 'હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચીને પી નાખો, જગતનાં ઝેર પીવાને હવે શંકર, નહીં આવે.' કે પછી અતિ પ્રસિદ્ધ 'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર? કુરાનમાં તો ક્યાંય પયંબરની સહી નથી.' કે પછી 'કહું છું ક્યાં કે પયગમ્બર બની જા, વધારે ચાંદથી સુંદર બની જા; જગે પુજાવું જો હોય તારે મટી જા માનવી પથ્થર બની જા.' એકબાજુ જલન લખે છે કે 'જેને ખુદાની સાથે વધુ પ્યાર હોય છે, એ હોય છે ગરીબ ને લાચાર હોય છેપ ' તો બીજી બાજુ જલનને ખુદા પર ભરોસો પણ છે એટલે તો લખે છે કે 'કરશે ગુનાઓ માફ સૌ અલ્લાહ એટલે, પાપોની લીલા મારી લગાતાર

અનુસંધાન પાના નં. ૭ પર